# 'હેંગ ઓવર' નવલકથામાં સ્ત્રીના મનોભાવોનું સૂક્ષ્મ નિરૂપણ

ડૉ. વિશાલકુમાર હસમુખભાઈ બારોટ
ઓશવાલ આર્ટસ અને કોમર્સ કોલેજ, જૂના ડીસા

ચિનુ મોદી રચિત'હેંગ ઓવર' નવલકથામાં જાતીય સમસ્યા કેન્દ્રસ્થાને છે. નવલકથાકારનાં શબ્દોમાં કહીએ તો જાતીય સમસ્યાને લઈને સર્જનાત્મક કૃતિની રચના કરવી એ પથ્થર લઈ કાચ વાટવા જેવી લોહીઝાણ બાબત છે. નવલકથાકારે આ પૂર્વે આવી સમસ્યા લઈ 'લીલા નાગ' નવલકથામાં આ પ્રકારની સમસ્યાનું વર્ણન કર્યું હતું અને તે પુનઃ 'હેંગ ઓવર' નવલકથામાં જોવા મળે છે. આ નવલકથામાં કેન્દ્રસ્થાને શોભા નામે દેહધારી સ્ત્રીપાત્ર છે. શોભા ભૌતિક સુખોનાં રંગે રંગાયેલી અને ખાધેપીધે સુખી છે.પરંતુ તેને હંમેશાં શારીરિક ભૂખની ધખના રહ્યા કરે છે. અને તેના માટે શોભા ગમે તે હદ સુધી જવા માટે તૈયાર થઈ જાય છે. પરંતુ જયારે શોભાનું જોબન ઓસરી જાય છે.ત્યારે માત્ર શોભાનાં શરીરને ભોગવતા પુરુષો તેનાથી દૂર થઈ જતાં શોભા સાવ એકલી પડી જાય છે. અને તે પાછળ જૂએ છે ત્યારે હવે ઘણું જ મોડું થઈ ગયું હોય છે. તેની ટીસ શોભાને ભીતરથી અકળાવે છે. શોભાનાં આંતરમનની ચૈતસિકની રેખાઓનાં તાણાવાણાં કથામાં સંકુલ રીતે ગૂંથાયાં છે. શોભાનાં પાત્રનાં વ્યક્તિત્વમાં આવતા ચઢાવ-ઉતારની તરંગાવલી ભાવક પામી શકે છે.

નવલકથાનો આરંભ શોભા સોનેજીની પુત્રી પિંકીનાં જન્મદિવસ નિમિત્તે યોજાયેલી પાર્ટીથી થાય છે.પાર્ટીમાં મહેમાનો ગીત-સંગીતની ધમાલમાં ડૂબેલા છે. અને બધા મસ્તીથી નાચે છે. પિંકી તેનાં બોયફ્રેંડ બોબીની રાહ જોઈ રહી છે.તેવામાં સોનેજી પિંકીને જન્મ દિવસ નિમિત્તે કારની ચાવી ભેટ રૂપે આપે છે.તે ખુશીની મારી દોડતી પોતાની મમ્મી પાસે જાય છે.અને ત્યાં રસોડામાં શોભાને પ્રતીક મજમુદારનાં બાહુપાસમાં જોઈ જતા પિંકી જાણે કે શિલ્પવત બની જાય છે. તેને મમ્મી અને મજમુદાર ઉપર ક્રોધ આવે છે. આ સમયગાળા દરમયાન જ અરુણનો વિમાન દૂર્ઘટનામાં અકસ્માત થતા સોનેજી અને શોભા હોસ્પિટલ જાય છે. પિંકી અને પ્રતિક મજમુદાર ઘરમાં એકલા પડે છે. પિંકી વિચારોનાં વંટોળે ચડી જાય છે. તે વિચારતી રહે છે કે આજની પરફેક્ટ વુમન ગણાતી મારી મમ્મીએ આવા બે બદામનાં હજુરિયા, લંપટ, નફ્ફટ, ખડુસ, મૂર્ખ અને શેતાન મનનાં કારખાના જેવા આવા માણસ સાથે મારી મમ્મીએ શા માટે સંબંધ બાંધ્યો હશે?

પિંકી હતપ્રભ થવા પાછળનાં અનેક કારણો જવાબદાર હતા.પિંકીએ મમ્મીની ઈમેજ વધુ ન બગડે તે માટે તેણે મજમુદારને ખખડાવી નાખ્યો પણ ખંધો મજમુદાર કંઈ જ ન બોલ્યો. તે પિંકીને પોતાની લાગણીનાં પ્રવાહમાં લાવવા પ્રયત્ન કરતો હતો. અને તેમાં તે સફળ પણ થયો. પિંકીએ યૌવનનાં ઊંબરે પગ મૂકયો હતો. તે જબરી અને ચબરાક હતી તેણે પ્રતિકનાં ચશ્મા લઈ લીધા. ચશ્માં વગરનો મજમુદાર ધૃતરાષ્ટ્ર જેવો થઈ ગયો હતો. પિંકીમાં માદક જવાનીનો મદ ચડતા તે કામવાસનાથી મજબુદારને વળગી પડે છે. હવે આ દ્રશ્ય જોઈ શોભા હતપ્રભ બની જાય છે. તે સમસમી ગઈ અને મજમુદાર જેવા હરામખોર, નમક હરામનું શું કરવું ?તે વિચારતી રહી અને તેણે મજમુદારને ધક્કો મારી સોફા પર પાડી દીધો. તેને વેર લેવાનું વિચાર્યું પણ બીજી જ ક્ષણે મજબુદાર તેની રાત્રિ સુધારતો તે યાદ આવતા તે કૂણી પડી અને મનોમન બબડી કે માણસનું માપ જ નહીં વિફરેલી શોભાને મજમુદારે મનાવી લીધી અને તે બધું જ ભૂલી મજમુદારને વળગી પડી. મજમુદાર તો આવી જ તકની રાહ જોતો હતો તેને તો માં-દીકરી બંનેમાં રસ હતો. કથા ચોથા પ્રકરણથી વળાંક લે છે. સોનેજી શોભાને કારણે મોટી કંપનીનાં માલિક બન્યા હોવાથી તે શોભાનો પડયો બોલ ઝીલતો હતો.તો શોભાએ અરુણને મેનેજરનાં હોદ્દા પર ગોઠવી તેની મજબુરીનો લાભ લેતી હતી. જયારે તકસાધુ મજમુદાર શોભાનો લાભ લેતો હતો. પ્રતિકનો અહમ ઘવાતો પણ તે મન મનાવી લેતો. શોભા પ્રતિકની ભાષા બોલતી થઈ ગઈ હતી.અને

આમ બંને વચ્ચે પરસ્પર સોદાબાજી ચાલતી રહી હતી. શોભા અતીતમાં પહોંચી જાય છે.અરુણ સાથે વિતાવેલાં દિવસો તેને યાદ આવે છે. આ યાદગાર પ્રસંગો તેની નજર સામેથી ક્રમશ પસાર થાય છે. અરુણની પત્ની પ્રતીતિ અને શોભાની મુલાકાત દવાખાને થાય છે. સ્ત્રીની દુશ્મન સ્ત્રી કહેવત બંને વચ્ચેનાં સંવાદ દ્વારા ફલિત થાય છે. પ્રતીતિ અરુણની સાથે રહે એ શોભા સહન ન કરી શકી અને તેણે પ્રતીતિને મોઢા ઉપર જ સંભળાવી દીધું 'જો પ્રતીતિ, મારો અરુણ તારે છીનવી લેવાનો નથી. એને હું જેટલું વ્હાલ કરું છું એવું વ્હાલ એને કોઈ કરી શકવાનું નથી' ૧.

અરુણ પ્રતીતિનાં સુખી દાંમ્પત્યજીવનમાં શોભા આડખીલી બની ઊભી હતી. પ્રતીતિને કોલેજકાળનો મિત્ર મુકુંદ યાદ આવે છે. તેની સાથે લગ્ન ન થવાથી તે અફસોસ કરતાં ધ્રુસ્કે ધ્રુસ્કે રડે છે.સોનેજી તેને સાંત્વના આપે છે.પ્રતિક મજમુદાર શોભાનાં બેડરૂમમાંથી હારેલો, થાકેલો, હાંફેલો સોફા ઉપર બેઠો અને તેને ઊંઘ આવી ગઈ. અને તે કલ્પનાની દુનિયામાં ઉડવા લાગ્યો. લિફ્ટ આકાશમાં જાય છે. એક પછી એક બિલ્ડીંગમાં ફરે છે. પાછી પાતાળમાં જાય છે. એમ લિફ્ટનાં કલ્પન દ્વારા મજમુદારની માનસિક ચેતના અહીંયા ઉજાગર થાય છે. તે શોભા અને પિંકી વિશે વિચારતો હોય છે. તેવામાં તેની પત્ની નિવ્યાનો ફોન આવતા મજમુદાર તંદ્રામાંથી બહાર આવે છે. શોભાની હાજરીમાં નિવ્યા સાથેની વાત શોભા સહન કરી શકતી નથી અને તેને અડધુત કરી પ્રતિકને સ્ત્રીઓનો ગુલામ કહે છે. શોભાએ નિવ્યાને વેશ્યા કહી તે મજમુદારથી સહન ન થયું. તેનું પુરૂષપણું જાગ્રત થતાં તે શોભાને ધક્કો મારી પછાડી દેશે.શોભાનાં જાણે કે અહમનાં ટૂકડે-ટૂકડા થઈ જાય છે. શોભાને પહેલીવાર પોતાની જાત પ્રત્યે તિરસ્કાર જન્મ્યો. તે માત્ર પુરુષોને હૃદયથી નહીં પણ શરીરથી મેળવવાની ધખના હતી. તેણે સોનેજી સાથે દગો કર્યો તેનો અજંપો શોભાને ચોમેરથી ઘેરી વળે છે. તેને સોનેજી સાથે વિતાવેલા પ્રણેય પ્રસંગો યાદ આવે છે. બંન્ને વચ્ચેનાં મુગ્ધવસ્થાનું વર્ણન કાબીલેદાદ છે.

સોનેજી એકાદ વર્ષ ડિપ્રેશનને કારણે શોભાને શારિરીક સુખ ન આપી શક્યા અને શોભા તેની નબળાઈ ગણી અન્ય પુરુષો તરફ ઢળે છે. સોનેજી લઘુતાગ્રંથીથી પીડાતા હતા. શોભા શરીરની કેટલી ભૂખી છે.તે તેનાં માતાનાં શબ્દો દ્વારા ઉઘાડ થાય છે. 'અમારી શોભાથી બધું જ સહન થાય પણ એક સેકન્ડ ભૂખી એ ના રહી શકે -શોભાથી બધુ વેઠાશે ભૂખ ની વેઠાય[૨]. શોભામાં કામજવરનું તોફન સવાર થતા તેણે અડધી રાત્રે અરુણને ભોગવ્યો. જાણે કે તેના દસ વર્ષની ભૂખ ભાંગી.નવલકથાકારની કલમમાં થોડામાં ઘણું કહેવાનો કસબ રહેલો છે અહીંયા જોવા મળે છે. એક જ વાક્યમાં કેટલું બધું આવરી લીધું. જુઓ – 'શોભાનાં પણ એક જ રાતમાં દસ વર્ષ ઓછા થઈ ગયા હતા.[૩].

શોભાનો અહમ ઘવાયો તેની હજી કળ વળી ન હતી. મહેમાન બધા જતા રહ્યા હતા.કંપનીનાં કર્મચારીઓમાં એક હનીફ દારૂ પીધેલી હાલતમાં પડયો હતો. તેણે શોભાની શારિરીક છેડછાડ કરી તેને ગમી પણ ખરી. પરંતુ અચાનક અરુણ આવી જતા તેને ધક્કો મારી કાઢી મૂક્યો. હનીફ મુસ્લિમ હોવાથી તેની સાથે હિન્દીમાં સંવાદ થાય છે.આ નવલકથાકાર મોટા ગજાનાં કવિ, ગઝલકાર પણ ખરા એટલે વચ્ચે કાવ્યપંક્તિઓ આવે છે.તેનાથી કથારસમાં વેગ આવે છે. ગુલામ રાજાનાં કલ્પન દ્વારા શોભાની મનોસ્થિતિ અહીંયા તીવ્ર રીતે અભિવ્યક્તિ થઈ છે.

થાકેલી શોભા નાઈટડ્રેસમાં સોફા પર પડી હતી.નોકર શામજીએ તેને આવી હાલતમાં જોતા તેના શરીરમાંથી વાસનાની આછી ધ્રુજારી પસાર થઈ ગઈ. શોભાનો સ્વભાવ કેમ અતડો થઈ ગયો તે બાબતે પિન્કી સોનેજી સાથે વાત કરે છે અને તેના કારણમાં મેનોપોઝની સમસ્યાનાં તારણ પર આવે છે.શોભા અરુણને મળવા માટે હોસ્પિટલ જાય છે. અરુણ સાથે વિતાવેલા રંગીન દિવસો તેને યાદ આવે છે. તે દવાખાને પહોંચી ત્યારે ખ્યાલ આવ્યો કે અરુણને તો પ્રતીતિ પોતાની સાથે લઈ ગઈ તે જાણી શોભામાં સ્ત્રી સહજ ઈર્ષા જાગી અને તે બેભાન જેવી થઈ ગઈ. ડો.ખાંડવાલાએ તેની તપાસ કરી તેના શરીર પર ફરતા હાથ તેને ગમ્યા. બંનેનાં તનમાં કામદેવ પ્રગટ થયો હતો. ડોક્ટરે લગાડેલી આગને બુજાવવા તે ડોક્ટરને ફોન કરી બોલાવે છે. તે પથારીમાં હોય છે ત્યાં પિંકી અને તેનો દોસ્ત બોબી આવે છે.યુવાન બોબીને જોતા

શોભા તેને પામવાના પ્રયાસ કરે છે. પણ પીન્કી વચ્ચે આવે છે. તેનું તન- મન જુદું જ વિચારતું હતું. તે હવે માત્ર શોભા જ બની રહે છે. ડમરુનાં પ્રતીક દ્વારા તેની કામવાસના તીવ્રતાથી સ્ફૂટ થાય છે.

શોભા બેભાન અવસ્થામાં મનનાં અડાબીડ જંગલમાં ઊભી સુકાતી હતી. તેને સોનેજી સાથે વિતાવેલાં દિવસો યાદ આવે છે. બંનેનાં લગ્ન કઈ રીતે થયા તેની વિગતે વાત આવે છે. પિંકી પ્રથમ વખત માસિકમાં આવી ત્યારે મમ્મીએ તેને સહકાર ન આપ્યો તેની વિગત ત્યારબાદ અંતે શોભા પિંકી બોબીનાં લગ્ન વિશે વિચારતા તે બેભાન થઈ ઢળી પડે છે અને ત્યાં કથા પૂરી થાય છે.

'હેંગ ઓવર'નવલકથાનાં ચરિત્રો જીવંત રીતે નિરૂપાયા છે. આ કથામાં કેન્દ્રસ્થાને શોભાનાં વ્યક્તિત્વમાં આવતા ઉતાર-ચઢાવ છે.  તેના મનમાં ચાલતા વિચારોનાં તાણાવાણા અહિયાં પૂરી નિસબતથી સર્જાયા છે. શોભાનું પાત્ર ઉપર ચડે છે તો પાછાં પગલે પણ આવે છે. તે પુરુષોને માત્ર શરીરથી ચાહે છે. શોભા સોનેજીની કંપનીમાં ટાઈપિસ્ટ તરીકે નોકરી કરે છે. પરંતુ પોતાની બુધ્ધિ અને આવડતથી તે કંપનીને નફો કરાવે છે. આગળ જતાં સોનેજી તેની સાથે લગ્ન કરે છે. અને બંનેનાં પ્રયાસોથી કંપની ખૂબ જ હરણફાળ ભરે છે. અને તેના કારણે સોનેજી પણ શોભાનો  પડયો બોલ ઝીલે છે. પોતાના કહેવાથી જ અરુણને મેનેજરનો હોદ્દો અપાવે છે. અને તેની પાસેથી પોતાનું ધાર્યું કામ કઢાવે પણ છે. શોભા અરુણ સાથે શરીર સંબંધ બાંધે છે અને તે પિંકીનીમાં  બને છે

શોભાને અરુણ નહોતો મળ્યો ત્યારે તે કંપનીના કર્મચારી પ્રતીક મજમુદારના સંપર્કમાં આવે છે. તેણે વાકછટાથી શોભાને જીતી લીધી.સોનેજી એકાદ વર્ષ ડિપ્રેશનનાં કારણે શોભાને જાતીય સુખ આપી ન  શક્યો.જયારે શોભાને તો દરરોજ રાત્રે કોઈને કોઈ પુરુષ જોઈતો જ હતો. તેને જાણે કે ટેવ પડી ગઈ હતી.અને પ્રતિકે આ તકનો લાભ લીધો અને તે શોભાને ભોગવતો રહ્યો. તો બીજી બાજુ  શોભા દરરોજ રાત્રે  પુરુષ ઝંખતી હતી. તેથી તેણે પ્રતિકને  પછી અરુણને, હનીફને અને ડો.ખાંડવાલાને અને છેવટે પોતાની પુત્રીનાં બોયફ્રેન્ડને  પણ ભોગવ્યા.શોભાનાં જીવનમાં આવતા પુરુષો શોભાનાં શરીરનાં દિવાના હતા તો શોભાને પણ એ જ જોઈતું હતું .પણ અંતે જયારે તેને પોતાની ભૂલ સમજાતા તેને મનમાં સોનેજી સાથે દગો કર્યો તેનો પસ્તાવો થાય છે. અને અંતે બધા જ પુરુષો શોભાને છોડીને જતા રહે છે ત્યારે શોભા વનમાં એકલી જ રહી જાય છે. તેને જ્યારે વાસવિકતાનું ભાન થાય છે અને જીવનનું સત્ય સમજાય છે ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે. શોભાનાં પાત્ર દ્વારા સર્જક સાંપ્રત સમયમાં સ્ત્રી - પુરુષોમાં જોવા મળતા મનનાં અટપટા તરંગો તેમાં આવતા ઉતાર - ચઢાવ વગેરેનું અહીંયા પ્રતિકાત્મક રીતે નિરૂપણ કર્યું છે.નવલકથામાં બીજું પાત્ર સોનેજીનું છે. કારણ કે તેણે શોભા માટેનાં તમામ દરવાજા ખુલ્લાં રાખ્યાં હતા. પોતાની ભૂમિકા વફાદારી સાથે તે નિભાવે છે. અરુણનું પાત્ર પણ મહત્વનું એટલા માટે પૂરવાર થાય છે કે તે શોભાનું ઋણ ચૂકવે છે. અને પોતાની પત્ની પ્રતીતિ પ્રત્યે પણ વફાદાર રહે છે. શોભા સાથે સંબંધથી પિંકીનો જન્મ થયા પછી સમયે આવતા તે ના પણ પાડી દે છે. તેનું કામ એક સંયોજકનું છે.

પ્રતીક મજમુદારનું પાત્ર ખલનાયક તે હરામખોર,સ્વાર્થી,નાલાયક તરીકે ચિતરાયેલો છે. તેને મન તો ઘરે નિવ્યા જેવી પત્ની હોવા છતાં પણ બહાર નાસ્તો મળે તો લાભ ઉઠાવતા અચકાતો નથી.તે શોભા અને પિંકી બંને મા-દિકરીને ભોગવે છે.લાલચ આપીને તે શોભાને પોતાની માયાજાળમાં ફસાવી રાખે છે તેણે શોભાનો માત્ર ઉપયોગ કર્યો છે. તો યુવાનીનાં ઉંમરે પગ મૂકતી પિંકી નવા વિચારો પ્રમાણે વર્તે છે.તેને યુવાન  મિત્ર બોબી હોવા છતાં તે ખખડધજ એવા મજબુદારને આલિંગન આપે છે. તેની પાછળ કદાચ પોતાની માતાની ઈર્ષા પણ હોઈ શકે?

'હેંગ ઓવર' નવલકથામાં આવતા પાત્રોમાં મુખ્ય ચરિત્ર શોભાની આજુબાજુમાં તથા બીજા અન્ય ગૌણ પાત્રો તેને પૂરતો સહકાર આપે છે. પુરુષ પાત્રોમાં હનિફ, શામજી નોકર, ડૉ.ખાંડવાળા વગેરે આ બધા પાત્રો પૂરી જીવંતતાથી આલેખાયા છે.અને ભાવકના મનમાં એ કાયમી સ્થાનનાં અધિકારી બને  છે. નવલકથામાં વર્ણનકલાનું ઘટક તત્વ એટલા માટે

મહત્વનું બની રહે છે કે તેના પર નવલકથાની સફળતાનો આધાર રહે છે.'હેંગ ઓવર' નવલકથામાં વર્ણનકલાનું પાસું મજબુત છે.નવલકથાનાં કેન્દ્રમાં જાતીયતાનાં વર્ણનમાં સર્જકનો સંયમ પામી શકાય છે. નવલકથાનાં આરંભે પીંકીનો જન્મદિવસ છે. નવી યુવા પેઢી માઈકલ જેક્શનનાં ડાન્સમાં ગીત- સંગીત સાથે ઝૂમી રહ્યા છે તેનું વર્ણન, શોભા સોનેજીનું પ્રથમ વખતનાં મિલનનું વર્ણન, લગ્ન વખતનું વર્ણન, મજબુદાર,શોભા અને પિંકી મળે છે તે વખતનું વર્ણન, દવાખાના વાતાવરણનું વર્ણન, પાણી, લિફ્ટ, પ્રણય વખતનાં વર્ણનો વગેરે સર્જકની કસાયલી કલમે અસરકારક રીતે નિરૂપાયા છે.

પુરુષો જન્મજાત કલાકાર હોય છે. તેની પ્રતીતિ પ્રતિકનાં આ વાક્ય દ્વારા પામી શકાય છે.'કેટલાક પુરુષો ઢીલ મૂકીને પતંગ કાપનારા હોય છે.૪. જેમને કાયમી ચશ્મા હોય અને હાથગા ન હોય તે વખતનું કલ્પન જૂઓ 'ચશ્મા વગરનો મજમુદાર ધૃતરાષ્ટ્ર હતો.૫.મજમુદાર અને પિંકી રમત આદરે છે તે વખતનું વર્ણન જીવંત અને દ્રશ્યાત્મક રીતે નિરૂપાયું છે.જુઓ - 'મારા ચશ્મા તો આપ, પ્લીઝ મજમુદાર સાવ વિવશ હતો. બાળકની જેમ એ કાકલુદી કરતો રહ્યો. અને નટખટ પિંકી પ્રતિકની સામે બદમાશી કરતી હતી. પિંકી ટિપોય ઉપર ચશ્મા મૂકીને દરવાજાની આડી સંતાઈને ઉભી રહી ગઈ. એ દરવાજા બહાર પગ મૂકે છે ત્યાં જ પિંકી પાછળથી મજમુદારને વળગીને આવેશમાં બોલવા માંડી I Love You[૬]. શોભાના મુખમાં મુકેલા શબ્દો કેવા તો અસરકારક રીતે નિરૂપાયા છે જૂઓ 'શોભાએ શબ્દોને તોળ્યાં અને પછી ફંગોળ્યા.[૭]. કામવાસનાનું વર્ણન લેખકેની કલમે સંયમથી કર્યું છે. 'શોભા કશું બોલી નહી. એ જળભરેલી વાદળીની જેમ સોનેજી ઉપર અનરાધાર વરસી પડી. સોનેજી મૂંઝાય- ગુંગળાય એટલી હદ સુધી પોતાના અધરોષ્ઠ સોનેજીના અધરોષ્ઠ સાથે ભીંસથી ચૂમ્યા કર્યા. સોનેજીના પૌરુષે શોભાનાં કાયાનાં કિલ્લાને એ જ દિવસે સર કરી લીધો હતો'[૮]. નવલકથાના અંત સુધી ઠેર ઠેર સર્જકનાં સર્જનાત્મક શક્તિના અણસારા વર્તાયા કરે છે.

નવલકથાના ઘટકતત્વ સંવાદકળા દ્વારા ભાવક પાત્રોનાં હકારાત્મક નકારાત્મક મનોભાવો તેના વ્યક્તિત્વનો પરિચય વગેરે કથોકથન દ્વારા થતી વાતચીતથી મેળવી શકાય છે. નવલકથાનાં આરંભે શોભા અને પ્રતીક મજમુદાર આલિંગન લઈને ઊભા હતા.પિંકી તે જોતા જ શિલ્પવત થઈ જાય છે. ત્યારબાદ મજમુદાર સાથેનાં સંવાદ દ્વારા પિંકીનો પરિચય પ્રાપ્ત થાય છે. પિંકી પોતાનો બોયફ્રેન્ડ બોબીનો પરિચય પિતા સોનેજીને કરાવે છે. ત્યારે હાજર રહેલા મહેમાનો ક્રિકેટની વાત નીકળતા કટાક્ષમાં સંવાદો બોલે છે. કટાક્ષ દ્વારા વાત સીધી પહોંચી જાય છે. પિંકી મજમુદાર વચ્ચેનો સંવાદ જૂઓ-

પિંકી ' હા, હવે કહો'

'શું કહું?

'તમે કોની વાટ જોતા હતા?

'તારી'

'મારી? ક્યારથી ?

તું તેર વર્ષની હોઈશ ત્યારથી'

'કયાં સુધી વાટ જોવાના હતા?

આજના દિવસ સુધી ' ૯.

નવલકથામાં આવતા વળાંકો એ પાત્રો વચ્ચે થતી વાતચીતથી આવે છે. શોભા મજમુદારમાં ઓળઘોળ હતી. પણ લંપટ પ્રતિકે પિંકીને પણ પોતાની મોહજાળમાં ફસાવી હતી. તેથી શોભા તેને ખખડાવી નાખે છે. શોભા અને પ્રતીતિ વચ્ચે તથા અરુણ અને શોભા તેમજ સોનેજી વચ્ચે થતાં મહત્વનાં સંવાદો કથારસને વેગવાન અને રસપ્રદ બનાવે છે.

શોભાનાં અંતરમનને પામવામાં સર્જકે પોતાની શક્તિ કામે લગાડી છે. આમ,નવલકથામાં જુદા જુદા પ્રસંગોનુંરૂપ આવતા સંવાદો અહીંયા અસરકારક રીતે આલેખાયેલા છે.

નવલકથાનાં અન્ય ઘટક તત્વોમાં ભાષાશૈલી દ્વારા પાત્રોના મનોવ્યાપારનો અણસાર પામી શકાય છે.કથામાં નિરૂપિત પાત્ર કયા વિસ્તારનું છે? તે કઈ ભાષા બોલે છે.? આ પાત્ર શહેરનું છે કે ગામડાનું છે ? આ પાત્રોનું વ્યકિતત્વ તેની ભાષા અને લોકબોલી દ્વારા પામી શકાય છે.'હેંગ ઓવર'નવલકથામાં ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને સુરતી બોલીનો વિનિયોગ થયો છે. નવલકથાનો આરંભ જ કંઈક આ રીતે થાય છે. સોનેજી દંપતી બેઠા છે. સોનેજીએ શોભાનો હાથ પકડી લાડમાં કહ્યું 'ચાલો, ઊભા થાઓ જોઉં, ડાર્લિંગ ! પિંકી નવી પેઢીની હોવાથી તે અંગ્રેજી મિશ્રિત ગુજરાતી બોલે છે. તો પ્રતીક મજમુદાર શોભાને વ્હાલથી 'મલ્લિકા-એ- હિન્દ'કહી નવાજે છે. હનિફ હિન્દીમાં વાત કરે છે. 'હમારે હુકમ કે ખિલાફ સર ઉઠાનેવાલા ઈસ ઈન્સાન કો હમ સર ફરમાના ચાહતે હૈ'[૧૦]. કથાના પ્રવાહમાં અંગ્રેજી ભાષામાં સંવાદો ઘણો બધો સમય રોકી લે છે. સોનેજી મોટેભાગે અંગ્રેજી ભાષામાં વાત કરે છે. તો મજબુદારનાં ચરિત્ર માટે હરામખોર, નફ્ફટ, બે બદામનો, હજુરિયો વગેરે શબ્દ પ્રયોગોનો વિનિયોગ થયો છે.

નવલકથામાં અન્ય શબ્દપ્રયોગો ભાવકનું ધ્યાન ખેંચે છે. જેમ કે શેતાનનાં મનનું કારખાનું,દુઝતી ગાયની લાત, સોનાનું ઈંડું મૂકતી મુરઘી, તદુપરાંત રૂઢિપ્રયોગો, પ્રતીક,કલ્પન અને ફેન્ટસીનો પણ પ્રસંગોપાત વિનિયોગ થતો જોવા મળે છે. આવું વાક્ય પણ આવે છે.
'તમે બધા મને શું પ્રોસ સમજો છો? [૧૧].
શોભા અરુણ વચ્ચે થતી વાતચીતમાં સુરતી બોલીની છાંટ જોવા મળે છે.
જેમ કે-
શોભાએ અરુણને હસતાં હસતાં પૂછ્યું:
આ સાલ કેટલામું બેસશે?
અઢાર
હોય જ નહીં ને ?
હું નઈ માનું[૧૨].

જયારે શોભા અને હનિફ હિન્દી ભાષામાં સંવાદો બોલે છે. આ નવલકથાકાર એક ઉત્તમ કવિ હોવાથી તેનો લાભ આ નવલકથાને પણ મળ્યો છે. એટલે નવલકથામાં વચ્ચે વચ્ચે શેર ગઝલ શાયરી પણ આવે. જુઓ- 'હાય, ઈસ સાદગી પર કૌન ન મર જાય, અય ખુદા લડતે હૈ ઔર હાથ મેં તલવાર ભી નહી'[૧૩] વગેરે નવલકથામાં ભાષાશૈલી સાદગીપૂર્ણ અને સાહજિક રીતે નિરૂપાય છે.

'હેંગ ઓર ઓવર' નવલકથામાં સ્ત્રી પુરુષનાં મનોવ્યાપારનો ત્યાગ પામવાનો સર્જનાત્મક રીતે પ્રસંસનીય પ્રયાસ કર્યો છે. કોઈને કોઈ સર્જક હેતુ સમાજમાં જે પોતાની ઈન્દ્રિયોથી પામે છે તે ભાવક સુધી પહોંચાડવાનો અને સમાજને કંઈક સંદેશ આપવાનો નમ્ર પ્રયાસ રહેલો હોય છે.

સ્ત્રી- પુરુષનાં મનમાં કંઈ કેટલાય વિચારોનું વાવાઝોડું ફૂંકાતું રહેતું હોય છે. તેમાં પણ જ્યારે તન –મનમાં કામવાસનાનું તોફાન ફૂંકાય ત્યારે જવાબદારી અનેક રીતે વધી જાય છે. આ નવલકથાકારે આ પૂર્વે જાતીય સમસ્યાઓને લક્ષ્યમાં રાખીને બે ભાગમાં નવલકથા લખી હતી. આ પ્રકારનાં વિષયવસ્તુને આધારે સ્ત્રીનાં મનનાં ચાલતા ઊંડા વિચારોનાં પ્રવાહનો

તાગ પામવાનો લેખકે પ્રયાસ કર્યો છે. લેખકનાં શબ્દોમાં કહીએ તો જાતીય સમસ્યાને લઈને સર્જનાત્મક કૃતિની રચના કરવી એ પથ્થર લઈ કાચ વાટવા જેવી લોહીઝાણ બાબત છે. આ લોહીઝાણ રમત 'હેંગઓવર'નલવકથામાં લેખકે હિંમતપૂર્વક કરી બતાવી છે.

આ નવલકથામાં સોનેજી શોભાથી દસ -પંદર વર્ષ મોટા છે. તે ડિપ્રેશનને કારણે લગભગ એક વર્ષ સુધી નપુસંકતાનો ભોગ બને છે. ત્યાં સુધી શોભા પતિવ્રતા સ્ત્રી બની રહે છે. શોભાને બધી જ બાબતનું સુખ હતું તો પછી તે અન્ય પુરુષોનાં વાસનાનો શિકાર કેમ બની? શોભાને તો ગમે તેવો પણ પુરુષ જ જોઈતો હતો તે તેના આંતરિક નહીં પણ બાહ્ય સ્પર્શથી આનંદ પામતી. શોભાનું શરીર જાતીય સંતોષ માટે સતત પુરુષનું પડખું ઝંખે છે. અને આ અપવાદમય શરીર જ તેની મર્યાદા બની જાય છે. સોનેજીનાં કંપનીનાં કામ અર્થે થતા લાંબા પ્રવાસ તેની આ બાબતે નિષ્કાળજી થોડી ઉદાસીનતા અને શોભાનો પતિ તરફ ઊભો થયેલો તેનો વહેમ વગેરેનો સરવાળો થતાં શોભા અરુણ તરફ ઢળે છે. અરુણ નાનો છે તે શોભાનાં શરીર સાથે રમત કરે છે. જયારે પ્રતિક મજબૂતદાર સાથે સૈયા સુખ માણે છે.અરુણથી પિન્કી પેદા થાય તેને મેળવવાનો રોમાંચ અને છેવટે તો બધા જ પુરુષો એક પછી એક તેનાથી છૂટા પડી જાય છે. અને શોભા જાણે કે રણમાં એકલી ભૂલી પડી જાય છે. કદાચ, શોભાની સમગ્ર જિંદગીની એક કરુણતમક્ષણ બની જાય છે. શોભાનો અહમ મજમુદાર અને અરુણ સાથેનાં પ્રસંગથી ઘવાય છે. અને તેની જિંદગી વેરણ-છેરણ જેવી થઈ જાય છે.

શોભાના છેલ્લાં દિવસો દુ:ખદ અને માનસિક તાણ સાથે વીતે છે. તેને મનમાં પ્રશ્ન ઊભા થાય છે કે ભૂખ કયું પાપ નથી કરાવતી ? તે જ્યારે મજબુદારમાં ઓળઘોળ હતી ત્યારે પોતાની પુત્રી પિન્કી પ્રથમ વખત માસિકમાં આવી ત્યારે તે પોતાની સલાહ લેવા આવી ત્યારે તેને પણ સમય ન આપી શકે તેનો અફસોસ વ્યક્ત કરે છે. હવે તેનામાં પરિવર્તન આવે છે. સોનેજીને દુ:ખી કર્યા તેની માફી માગે છે. તેની હાલત તો અઢાર અક્ષૌહિણી સૈન્ય સામે એકલા હાથે યુધ્ધ કરવા જેવી બની જાય છે. છેવટે બધા જ વળગળોમાંથી છૂટી અને તે માત્ર હવે શોભા દેસાઈ જ બની રહે છે. અંતે તો શોભા અનેક વ્યક્તિત્વો એક સાથે એક જ શરીરમાં લઈને જીવતી શોભા ઈન્બેલેન્સ્ડ થઈ જાય છે. અને આ બધું સાહજિક રીતે આલેખાયેલું છે.

'હેંગ ઓવર' નવલકથામાંથી પસાર થતા એવી પ્રતીતિ થાય છે કે સ્ત્રીઓને માત્ર શરીરની જ ભૂખ હોય છે? મનની નહીં? પુરુષ તેને માત્ર ભોગવવાની ચીજ જ કેમ ગણે? આવા અનેક પ્રશ્નો જગાડતી આ નવલકથામાં ભાવકનાં મનમાં તેના જવાબની ચાવી પણ આપે છે અને એક નવલકથાકાર તરીકે સફળતાને વરે છે. આમ, આ નવલકથા જાતીય જીવનની સમસ્યાનો ઉકેલ લાવતી સુંદર નવલકથા છે.

નવલકથાનાં ઘટકતત્વોમાં વસ્તુસંકલના તેની સુવ્યવસ્થિત ગોઠવણી, પાત્રાલેખન પાત્રોનાં સારા- નરસા પાસાઓ તથા અન્ય ખલનાયક પાત્ર વગેરેનું પણ સંયમપૂર્વક વર્ણન કરેલ છે. અન્ય ગૌણપાત્રનો ફાળો પણ નવલકથામાં મહત્વનો ભાગ બની રહે છે. સંવાદકલાનાં માધ્યમ દ્વારા પાત્રોનાં મનોભાવો તેના મનમાં ચાલતા વિચારો વગેરે ભાવક જાણી માણી શકે છે. ભાષાશૈલી દ્વારા વિવિધ બોલી, પ્રતીક, કલ્પન,પુરાકલ્પન (મીથ) તેમજ રૂઢિપ્રયોગો, કહેવતો, તળપદી બોલીનાં શબ્દો વગેરે તથા જે તે પ્રદેશ અને તેનું વાતાવરણ વગેરેનું આ નવલકથામાં સુંદર રીતે નિરૂપણ થયું છે.

નવલકથાનું શીર્ષક 'હેંગ ઓવર'અંગ્રેજીમાં રહસ્યમય રીતે રાખ્યું છે. પ્રથમ વખત ભાવક જિજ્ઞાસાવૃતિ સાથે નવલકથાની દુનિયામાં પ્રવેશે છે. તે જેમ - જેમ આગળ વધતો જાય તેમ-તેમ નવલકથાનાં પાત્રો તેની ગતિવિધિ દ્વારા તે શીર્ષકની યથાર્થતાને પામે છે. આમ, 'હેંગ ઓવર' નવલકથામાં કથાવસ્તુ, સાદગીમય ભાષા, રહસ્યમય વર્ણનકલા, જિજ્ઞાસા પ્રેરક શીર્ષક આમ, સમગ્ર રીતે 'હેંગ ઓવર' એક સફળ અને સુંદર નવલકથાનો સારો નમૂનો પૂરો પાડે છે.

**સંદર્ભસૂચિ**


૧. હેંગ ઓવર – ચિનુ મોદી પ્રથમ આવૃતિ માર્ચ, ૧૯૮૬ બીજી આવૃતિ ૨૦૧૦, રન્નાદે પ્રકાશન, અમદાવાદ પૃ. ૧૧.
૨. એજન પૃ. ૭૭.
૩. એજન પૃ. ૮૧.
૪. એજન પૃ. ૪.
૫. એજન પૃ. ૧૭.
૬. એજન પૃ. ૧૯.
૭. એજન પૃ. ૩૪.
૮. એજન પૃ. ૧૪૪.
૯. એજન પૃ. ૧૩.
૧૦. એજન પૃ. ૨.
૧૧. એજન પૃ. ૬૩.
૧૨. એજન પૃ. ૭૯.
૧૩. એજન પૃ. ૮૪.